

કે.કે. NEWS

તારીખ : 16/11/2026

સાવરકુંડલામાં ભક્તિભાવપૂર્વક ઉજવાઈ શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ

ભવ્ય શોભાયાત્રા, ધ્વજારોહણ, અન્નકૂટ દર્શન, સંતવાણી અને સમૂહ ભોજન પ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા













સાવરકુંડલા : સેવાભાવ, ભક્તિ અને માનવતાના પ્રતીક એવા રઘુવંશી સંત શિરોમણિ પરમ પૂજ્ય શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની સાવરકુંડલા શહેરમાં ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શ્રી જલારામ સત્સંગ મંડળ અને શ્રી લોહાણા મહાજન ટ્રસ્ટ, સાવરકુંડલા તથા સંલગ્ન સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે વિવિધ ધાર્મિક, સામાજિક અને સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.જન્મજયંતિ નિમિત્તે વહેલી સવારથી જ શ્રી જલારામ મંદિર ખાતે ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી સાથે કાર્યક્રમોનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ સવારે ૭:૦૦ કલાકે પૂજન-અર્ચન અને સવારે ૮:૦૦ કલાકે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું.ત્યારબાદ સવારે ૯:૦૦ કલાકે શ્રી જલારામ બાપાની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. ઢોલ-નગારાના નાદ, ભક્તિગીતો અને જય જલારામના ગગનભેદી જયઘોષ સાથે શોભાયાત્રા નગરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ હતી. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો અને રઘુવંશી સમાજના પરિવારો જોડાયા હતા. સમગ્ર નગર જલારામમય બન્યું હતું અને ઠેર-ઠેર ભક્તિભાવ સાથે શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.બપોરે ૧૨:૨૦ કલાકે રાજભોગ આરતી અને બપોરે ૧:૦૦ કલાકે સંત ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે ૫:૦૦થી ૮:૦૦ કલાક દરમિયાન ભાવિકોએ અન્નકૂટ દર્શનનો લાભ લીધો હતો. સાંજે ૬:૩૦ કલાકે સંધ્યા આરતી યોજાઈ હતી, જ્યારે રાત્રે ૧૦:૦૦ કલાકે સંતવાણીના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.શ્રી જલારામ બાપાની જન્મજયંતિ નિમિત્તે શ્રી લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા સમાજની પરંપરા અનુસાર રઘુવંશી સમૂહ જ્ઞાતિ ભોજનનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી લોહાણા મહાજન વાડી, નદી કાંઠે, સાવરકુંડલા ખાતે બપોરે ૧૨:૩૦ કલાકે અને સાંજે ૭:૩૦ કલાકે સમૂહ ભોજન પ્રસાદ યોજાયો હતો. જેમાં સમાજના પરિવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.આ ઉપરાંત જલારામ મંદિર ખાતે સંત ભોજન પ્રસાદી, અન્નકૂટ તથા શોભાયાત્રા દરમિયાન પ્રસાદ વિતરણની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. બપોર અને રાત્રિના ભોજન પ્રસાદના આયોજનમાં સમાજના દાતાઓ, સેવાભાવી પરિવારો અને આગેવાનોનો સહયોગ મળ્યો હતો.શ્રી જલારામ બાપાની જન્મજયંતિની આ ઉજવણી માત્ર ધાર્મિક ઉત્સવ પૂરતી સીમિત ન રહેતાં સમાજમાં એકતા, ભાઈચારો, સેવાભાવ અને સમરસતાનો સંદેશ આપનારી બની રહી હતી. સમગ્ર મહોત્સવ દરમિયાન ભાવિક ભક્તોમાં ભારે ઉત્સાહ અને શ્રદ્ધાનો માહોલ જોવા મળ્યો હતો.શ્રી જલારામ સત્સંગ મંડળ, શ્રી જલારામ મંદિર, શ્રી લોહાણા મહાજન ટ્રસ્ટ તથા સંલગ્ન સંસ્થાઓના આયોજકો અને કાર્યકરોએ સમગ્ર આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. સમાજના દાતાઓ, સેવાભાવી યુવાનો, વડીલો અને નગરજનોના સહયોગથી શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની ઉજવણી યાદગાર બની રહી હતી.

કે.ડી NEWS

તારીખ : 16/11/2026

સાવરકુંડલા–મહુવા બાયપાસ પર LPG ગેસ ભરેલું ટેન્કર પલટી ગયું! ડ્રાઇવરે કાબૂ ગુમાવતા સર્જાયો અકસ્માત, વિસ્તારમાં ચકચાર







અમરેલી જિલ્લાના સાવરકુંડલા–મહુવા બાયપાસ રોડ પર LPG ગેસ ભરેલું ટેન્કર પલટી જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક માહિતી મુજબ ટેન્કરના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટેન્કર રસ્તા પર પલટી ગયું હતું.ગેસ ભરેલું ટેન્કર પલટી જવાની ઘટનાને પગલે સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને લોકોમાં ચિંતા જોવા મળી હતી. ઘટનાની જાણ થતાં સંબંધિત તંત્ર દ્વારા જરૂરી સુરક્ષા અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવે તેવી સ્થિતિ સર્જાઈ હતી.

એ ગ્રેડ
કવોલીટીનાં
A4 પેકેટ

65 GSM
Rs. 185
મીનીમમ 10 પેકેટ

70 GSM
Rs. 205
મીનીમમ 10 પેકેટ

80 GSM
Rs. 315

તમામ
પેકેટો
હાજરમાં

SINCE 1923
KD
NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 16/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭

ઉત્સવની ઉજવણીનો ઠાઠ !





















T & C APPLY*

કુલ ઇનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

સોનિક® જ્વેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

કે.કે. NEWS

તારીખ : 16/11/2026

સાવરકુંડલાના લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં 18મીએ નિઃશુલ્ક હૃદયરોગ નિદાન કેમ્પ યોજાશે



સાવરકુંડલા સ્થિત વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ મળી રહે તેવા ઉમદા હેતુથી સમયાંતરે નિષ્ણાત તબીબોની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આગામી તા. 18 નવેમ્બરના રોજ નિઃશુલ્ક હૃદયરોગ નિદાન અને સારવાર માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.આ કેમ્પમાં જાણીતા હૃદયરોગ નિષ્ણાત ડૉ. પલ્લવી મહાજન ઉપસ્થિત રહી દર્દીઓની તપાસ કરી જરૂરી નિદાન, સારવાર અને તબીબી માર્ગદર્શન આપશે. ડૉ. પલ્લવી મહાજન અમદાવાદ સ્થિત યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજીનો અનુભવ ધરાવે છે.કેમ્પ દરમિયાન હૃદયની સોનોગ્રાફી (2D Echo), એન્જિયોપ્લાસ્ટી તથા બાયપાસ સર્જરી કરાવેલા દર્દીઓની તપાસ, હૃદયના ધબકારામાં વધઘટ, લાંબા સમયથી હાઈ બ્લડપ્રેશર અને ડાયાબિટીસ, છાતીમાં દુખાવો, ગભરામણ, શ્વાસ ચડવો, હૃદયનું કદ વધવું (કાર્ડિયોમેગેલી), હૃદયના વાલ્વની તકલીફ, હૃદયમાં કાણું, પગ તથા પગની નસોમાં બ્લોકેજ અને એક્યુટ કોરોનરી સિન્ડ્રોમ જેવી હૃદય સંબંધિત વિવિધ સમસ્યાઓ અંગે નિદાન તથા તબીબી માર્ગદર્શન આપવામાં આવશે.હૃદયરોગ સંબંધિત તકલીફો ધરાવતા દર્દીઓ આ નિઃશુલ્ક આરોગ્ય સેવાનો લાભ લઈ સમયસર નિદાન અને યોગ્ય તબીબી માર્ગદર્શન મેળવી શકે તે માટે આરોગ્ય મંદિર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

KD NEWS
SAVARKUNDLA

તમારા વિસ્તારના સમાચાર
હવે KD News સુધી પહોંચાડો!

તમારા આસપાસ બનતી કોઈ **મહત્વપૂર્ણ ઘટના** હોય,
સામાજિક કે ધાર્મિક **કાર્યક્રમ** હોય, **સેવાકીય પ્રવૃત્તિ** હોય,
જાહેર સમસ્યા હોય કે કોઈ **વિશેષ સિદ્ધિ**ની વાત હોય...









ફોટો | વીડિયો | જરૂરી માહિતી

સાથે અમને મોકલો.

તમારો અવાજ બનશે KD News!

તમારા વિસ્તારની દરેક નાની-મોટી ખબર
લોકો સુધી પહોંચાડવા માટે આજે જ અમારો સંપર્ક કરો.

WhatsApp કરો
9499797973



KD News – તમારા વિસ્તારનો વિશ્વાસુ સમાચાર સાથી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 16/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ઋણસ્વીકાર / આભાર

મહુવા રોડ પર આવકાર રેસ્ટોરન્ટની બાજુમાં, બસ સ્ટેશનની સામે આવેલા અમારા કાંટા કારખાનામાં દિવાળીના પવિત્ર દિવસે ફટાકડાથી અચાનક આગ લાગી હતી. આ મુશ્કેલીના સમયે અમારી સાથે ઊભા રહીને મદદ કરનારા સૌ મિત્રો, વડીલો, રાજકીય નેતાઓ, ફાયર સેફ્ટી વિભાગના કર્મચારીઓ, પોલીસ સ્ટાફ, અડોશી-પાડોશીઓ, નગરપાલિકાના સદસ્યો, વેપારી મિત્રો, અમારા કારખાનાના તમામ સ્ટાફ સાથીઓ તથા સૌ સર્વને અમારો હૃદયપૂર્વકનો આભાર.

દિવાળીના આનંદના દિવસે આવી અનપેક્ષિત ઘટના બની ત્યારે આપ સૌએ સમય અને સ્વાર્થની પરવા કર્યા વગર દોડી આવીને મદદ કરી. આગને કાબૂમાં લેવા માટે ફાયર સેફ્ટી વિભાગે જે ત્વરિત અને કાર્યક્ષમ સેવા આપી, તે અમને બચાવી લેવામાં અત્યંત મહત્વની સાબિત થઈ.

પાડોશીઓ અને મિત્રોએ પણ પોતાના કામકાજને મૂકીને અમારી સાથે ઊભા રહીને સહાય કરી. વડીલો અને રાજકીય નેતાઓએ પણ સમયસર માર્ગદર્શન અને સહયોગ આપીને અમને માનસિક રીતે મજબૂત બનાવ્યા. વેપારી મિત્રોએ પણ આ મુશ્કેલીના સમયે સક્રિય રીતે મદદ કરી અને સહયોગ આપ્યો. અમારા કારખાનાના તમામ સ્ટાફ સાથીઓએ પણ નિષ્ઠાપૂર્વક અને હિંમતથી મદદ કરી હતી, જે અમને વધુ બળ આપનારું રહ્યું.

આ મુશ્કેલીના સમયે આપ સૌની સહાય, સહાનુભૂતિ અને સહકાર અમને બહુ મોટું સમર્થન આપનારું રહ્યું. આપ સૌના આ અમૂલ્ય સહયોગને અમે ક્યારેય ભૂલીશું નહીં. આવી પરિસ્થિતિમાં સમાજનું એકતાનું દર્શન થયું, તે અમને ગર્વ અનુભવાવે છે.ફરી એકવાર સૌને અમારો અંતઃકરણથી આભાર.

અરવિંદભાઈ ખાંતીલાલ સલોત

તેજસ અરવિંદભાઈ સલોત * પ્રિયેશ અરવિંદભાઈ સલોત

તેમજ સમગ્ર સલોત પરિવાર

તારીખ : 16/11/2026

સાવરકુંડલા ખરેખર કલાનું નગર છે!

૧૨૦થી વધુ વિદ્યાર્થીઓની કલાસાધનાએ ફરી એકવાર આ વાત સાબિત કરી





સાવરકુંડલાની ધરતી પર કલાનો અનોખો સંગમ જોવા મળ્યો. શંકરા આર્ટ ઈન્સ્ટિટ્યૂટ ખાતે આશરે ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓએ સંગીત અને ચિત્રકલાની વિવિધ વિદ્યાઓની પરીક્ષા આપી સાવરકુંડલાની કલા-સંસ્કૃતિને ગૌરવ અપાવ્યું.ગિટાર, પિયાનો, ગાયન, હાર્મોનિયમ, તબલાં, પેઇન્ટિંગ, ડ્રોઇંગ અને સ્કેચિંગ જેવી વિવિધ વિદ્યાઓની પરીક્ષાનું આયોજન ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવ્યું હતું. વિદેશ માં રહેતા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન પરીક્ષા તેમજ ૧૦૦ કિમી ના અંતર થી અલગ અલગ ગામ થી વાલીઓ પોતાના બાળક ને લઈ ને ઈન્સ્ટિટ્યૂટ પર આવેલા ... ૫ વર્ષ ના બાળક થી લઈ ને ૫૮ વર્ષ ના નિવૃત્ત વિદ્યાર્થી એ પરીક્ષા આપેલી જે સાબિત કરે છે કે કલા શીખવાની કોઈ ઉંમર નથી હોતી આ સફળ આયોજન બદલ ઈન્સ્ટિટ્યૂટ તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ અને સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે. ઈન્સ્ટિટ્યૂટ પર મૂકેલો સૌનો વિશ્વાસ જ તેની સૌથી મોટી મૂડી અને આગળ વધવાની પ્રેરણા છે.શંકરા આર્ટ ઈન્સ્ટિટ્યૂટનો ધ્યેય માત્ર કલા શીખવવાનો નથી, પરંતુ દરેક વ્યક્તિમાં રહેલી કલાને ઓળખ આપી તેને યોગ્ય મંચ પૂરું પાડવાનો છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 16/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





Organised by:
HEADWAY BUSINESS SOLUTIONS LLP
Solution@100%

www.headway.guru

908 124 1916

"SUVARNA SAUBHAGYA UTSAV – SAMRUDDHI MAHOTSAV"®

SUVARNA SAUBHAGYA UTSAV











અરે... વાહ...

૯,૯૯૯ સુધી

કરોડોની કિંમતના ઈનામો!

હા, સાચું વાંચ્યું.

તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફરઃ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

તારીખ : 16/11/2026

સાવરકુંડલા તાલુકાના સીમરન ની વાડી ખાતે 40 વર્ષની માંગણી નો સુખદ અંત આવ્યો..

મહુવા અમરેલી હાઈવે પર આવેલ સીમરણની વાડી બસ સ્ટેશન ખાતે માત્ર લોકલ બસો જ ઊભી રહે છે છેલ્લા 40 વર્ષથી એક્સપ્રેસ બસને સ્ટોપ આપવા માટેની માંગણી નો આજે અંત આવ્યો છે આ વિસ્તારના જીરા ગામના મહિલા દક્ષાબેન ચોડવડિયા જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવતા તેમ જ સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા ના સંયુક્ત પ્રયાસથી આ સમસ્યાનો આજે ઉકેલ આવ્યો છે અહીંથી પસાર થતી આશરે 40 જેટલી એક્સપ્રેસ બસ ને હવે કાયમી સ્ટોપ આપવા માટે નિર્ણય કરાતા આ કાર્યક્રમમાં નેસડી ખોડીયાર મંદિરના લવજી બાપુ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન જીરા ગામના અગ્રણીઓ અમરેલી એસટી વિભાગના વિભાગીય વડા તેમજ સાવરકુંડલા ડેપોના ડેપો મેનેજર નથવાણી સહિતના મહાનુભાવોના વરદ્ હસ્તે લીલી ઝંડી આપી બસને રવાના કરવામાં આવી હતી. સીમરન વાડી ખાતે ચોડવડીયા પરિવાર દ્વારા કાશીબા બસ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું સિમરનવાડી બસ સ્ટેશન ખાતે એક્સપ્રેસ બસોના સ્ટોપ થી સિમરન જીરા કરજાળા ચરખા ઓળીયા સહિતના સાત જેટલા ગામોના મુસાફરોને અમદાવાદ સુરત જામનગર દ્વારકા ખંભાળિયા રાજકોટ કૃષ્ણગઢ મહુવા ચોટીલા તેમજ વડતાલ જવા આવવા માટે ખૂબ જ અનુકૂળતા થઈ છે. કાશીબા નવા બસ સ્ટેશનના લોકાર્પણ તેમજ એક્સપ્રેસ કાયમી સ્ટોપ આપવાના આ કાર્યક્રમ પ્રસંગે આસપાસના પાંચ ગામના નગરજનો બહેનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા









નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 16/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

જય સ્વામિનારાયણ



ભાવભર્યું જાહેર આમંત્રણ

સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ મંદિરનાં

રજત જયંતી મહોત્સવ નિમિત્તે
શ્રીમદ્ ભાગવત સપ્તાહ

ધર્મ, ભક્તિ અને સંસ્કૃતિના મહાસંગમ સાથે મનોરંજન માટે ભવ્ય લોક મેળાનું આયોજન

વકતાશ્રી



પ.પુ.શા.સ્વા. નિર્લેપસ્વરૂપદાસજી
વેદાંતાચાર્ય, એમ.એ.
(વાત્સલ્ય ઈન્ટરનેશનલ સ્કુલ, બોરસદ)



સ.ગુ.શા.સ્વા. હરિપ્રકાશદાસજી
અથાણાવાળા - સાળંગપુર

સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી મહોત્સવ નિમિત્તે આયોજિત ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહના પવિત્ર આયોજન કરવામાં આવ્યું છે.

કથા સમય : સવારે ૮:૩૦ થી ૧૧:૩૦, બપોર પછી ૩:૩૦ થી ૬:૩૦ કલાકે

તા. ૧૬/૧૧/૨૦૨૬, સોમવારનાં કાર્યક્રમો

પ.પુ.ગાદીવાળાશ્રીનું આગમન તથા ભવ્ય મહિલા સાંસ્કૃતિક મંચ

ડ્રાયફ્રુટનો અન્નકુટોત્સવ સવારે ૭:૩૦ કલાકે
શ્રી સ્વામીનારાયણ મંદિર, શિવાજીનગર, સાવરકુંડલા

આ પવિત્ર ધાર્મિક પ્રસંગે સાવરકુંડલા શહેર તથા આસપાસના તમામ સનાતની ધર્મપ્રેમી નગરજનો, ભક્તજનો, યુવાનો અને પરિવારજનોને ભાવભર્યું જાહેર આમંત્રણ છે.

આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, શિવાજીનગર, સાવરકુંડલા

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 16/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ઋણસ્વિકાર સહ આભાર

જય શ્રી કૃષ્ણ સમસ્ત વૈષ્ણવ ભક્તો, ભાઈ-બહેનો તથા સહયોગીઓને,શ્રી ગોવર્ધનનાથજી પ્રભુના ચરણકમળમાં વંદન કરીને અમે સૌને હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.આપ સૌની ભક્તિ, સહયોગ, ઉપસ્થિતિ અને સેવાભાવથી હવેલીના કાર્યક્રમો / મનોરથ પૂજા મહોત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયા. આપના પ્રેમ અને સમર્પણ વગર આવા પવિત્ર કાર્યો શક્ય ન હોત. વિશેષ રૂપે અન્નકૂટ ઉત્સવના મુખ્ય મનોરથી, સહ મનોરથી તથા સૂક્ષ્મ મનોરથીઓનો અમે હાર્દિક આભાર માનીએ છીએ. આપ સૌની ભક્તિ અને ઉદારતાથી આ મહોત્સવ વધુ ભવ્ય અને સફળ બન્યો. શ્રી ઠાકોરજીના આશીર્વાદ આપ સૌ પર સદા વર્ષે, આપના કુટુંબમાં સુખ-શાંતિ, આરોગ્ય અને ભક્તિની વૃદ્ધિ થાય એવી પ્રાર્થના સહ ફરી એકવાર આપનો આભાર.

શ્રી ગોવર્ધનનાથજી હવેલી ટ્રસ્ટ

હવેલી શેરી, સાવરકુંડલા ફોન (02845) 225379

તારીખ : 16/11/2026

સાવરકુંડલાના અટલધારા ખાતે વિધાનસભા સ્નેહમિલન કાર્યક્રમના આયોજન અંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ



સાવરકુંડલા સ્થિત અટલધારા ખાતે આગામી દિવસોમાં યોજાનાર વિધાનસભા સ્નેહમિલન કાર્યક્રમના આયોજન અને સુચારુ વ્યવસ્થા અંગે સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં વિધાનસભા વિસ્તારના રાજકીય આગેવાનો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોના વિવિધ હોદ્દેદારો તેમજ પક્ષના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આગામી સ્નેહમિલન કાર્યક્રમ સફળતાપૂર્વક અને સુવ્યવસ્થિત રીતે સંપન્ન થાય તે માટે સૌ સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.કાર્યક્રમના આયોજન, વ્યવસ્થાઓ અને વિવિધ જવાબદારીઓ અંગે ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ સૌને જરૂરી માર્ગદર્શન આપી સંગઠનની એકતા અને સહિયારા પ્રયાસો સાથે કાર્યક્રમને ભવ્ય સફળ બનાવવા અનુરોધ કર્યો હતો.





નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS


તારીખ : 16/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શ્રીમદ્‌ભાગવત સપ્તાહ
સર્વ પિતૃ મોક્ષાર્થે
શ્રીમદ્ ભાગવત સપ્તાહ,
શ્રીમદ્ દેવી ભાગવત કથા,
શિવ મહાપુરાણ કથા,તેમજ
રામકથા, વિશ્વકર્મા પુરાણ
કથા કોઇપણ જાત્રા ધાર્મીક
સ્થળે અથવા ઘરે કરાવવા માટે



:: સંપર્ક ::

શિવકથાકારા

સુરેશભાઈ બી. ભટ્ટ

મો. 9824970844

મો. 9924776265

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 16/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

રસોઈકામનાં અનુભવી રસોઈયા જોઈએ છે...

આશાપુરા મંદિર- ગાધકડાની ભોજનશાળા માટે અનુભવી રસોઈયા જોઈએ છે..

સંપર્ક : મો. ૯૪૨૮૨ ૯૧૯૨૦

સમય : સાંજના ૪ થી ૬

તારીખ : 16/11/2026

ખાંભામાં ભક્તિભાવપૂર્વક ઉજવાઈ પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ

ખાંભામાં પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી પ્રાગટ્ય જયંતિ નિમિત્તે જલારામ મંદિર ખાતે ધાર્મિક અને ભક્તિમય માહોલમાં વિવિધ કાર્યક્રમો સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સવારે જલારામ બાપાની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ત્યારબાદ અનુકૂટ દર્શન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.જન્મજયંતિ નિમિત્તે મહાજન વાડી ખાતેથી ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી જલારામ મંદિર ખાતે પરત પહોંચી હતી. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા અને સમગ્ર વાતાવરણ જય જલારામના નાદથી ભક્તિમય બન્યું હતું.મંદિર ખાતે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ભક્તિભાવપૂર્વક ભાગ લઈ જલારામ બાપાના દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ ઉપરાંત મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો.સમગ્ર ઉજવણી દરમિયાન ભક્તોમાં અનેરો ઉત્સાહ અને શ્રદ્ધાનો માહોલ જોવા મળ્યો હતો. પૂજ્ય જલારામ બાપાના સેવાભાવ, પરોપકાર, અન્નદાન અને માનવસેવાના આદર્શોને યાદ કરી ભક્તોએ તેમના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી.







તારીખ : 16/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

જોઈએ છે

શ્રી મહાત્મા ગાંધી ધર્મશાળા માટે

મેનેજરની

જરૂર છે.

અનુભવી અને જવાબદાર
વ્યક્તિ ની પ્રથમ પસંદગી
ઇચ્છુક ઉમેદવારો

:: રૂબરૂ સંપર્ક કરો ::

શ્રી મહાત્મા ગાંધી ધર્મશાળા
રેલવે સ્ટેશનની સામે, સાવરકુંડલા

તારીખ : 16/11/2026

દિવાળીના તહેવારોમાં અમરેલી એસ.ટી. વિભાગની વિશેષ બસ વ્યવસ્થાને મુસાફરોનો સારો પ્રતિસાદ

સાત ડેપો દ્વારા 567 એક્સ્ટ્રા ટ્રીપનું સંચાલન; 16,004 મુસાફરોએ લીધો લાભ, એસ.ટી. નિગમને રૂ. 35.91 લાખની આવક



દિવાળીના તહેવારો દરમિયાન વતન આવવા-જવા માટે મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા કરવામાં આવેલી વિશેષ બસ વ્યવસ્થા મુસાફરો માટે રાહતરૂપ સાબિત થઈ હતી. તહેવારોના સમયમાં મુસાફરોને સરળ, સુવિધાજનક અને સમયસર પરિવહન સેવા મળી રહે તે હેતુથી અમરેલી એસ.ટી. વિભાગ દ્વારા પણ વિવિધ રૂટ પર વધારાની બસોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેને મુસાફરો તરફથી સારો પ્રતિસાદ સાંપડ્યો હતો.અમરેલી એસ.ટી. વિભાગ હેઠળ આવતા અમરેલી, બગસરા, ધારી, કોડીનાર, રાજુલા, સાવરકુંડલા અને ઉના સહિતના સાત ડેપો દ્વારા દિવાળીના તહેવારો દરમિયાન કુલ 567 એક્સ્ટ્રા ટ્રીપનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું હતું. આ વિશેષ બસ સેવાઓ અંતર્ગત કુલ 1,04,428 કિલોમીટરનું અંતર કાપવામાં આવ્યું હતું, જેમાં 16,004 મુસાફરોએ મુસાફરીનો લાભ લીધો હતો.આ વિશેષ બસ વ્યવસ્થાના પરિણામે એસ.ટી. નિગમને કુલ રૂ. 35,91,563ની આવક પ્રાપ્ત થઈ હતી. આમ, તહેવારો દરમિયાન મુસાફરોની વધારાની અવરજવરને પહોંચી વળવા અમરેલી એસ.ટી. વિભાગ દ્વારા કરવામાં આવેલું આયોજન મુસાફરોની સુવિધા સાથે નિગમની આવકમાં પણ નોંધપાત્ર યોગદાનરૂપ બન્યું હતું.

તારીખ : 16/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

સીતારામ ટુર્સ - અમરેલી

લક્ષ્મીશંકરભાઈ મો.9909396484

૧૧ જ્યોર્તિલિંગ સાથે સંપૂર્ણ દક્ષિણ યાત્રા

■ સ્લીપર બસ ■ ઉપડશે : તા.૧૪/૧૨/૨૬ ■ દિવસ : ૩૨

■ ડાકોર ■ ઉજ્જૈન ■ ઓમકારેશ્વર ■ ચિંત્રકુટ ■ ત્રિવેણી સંગમ

■ બનારસ ■ અયોધ્યા ■ છપૈયા ■ ગોરખપુર ■ નેપાલ

■ કાઠમંડુ ■ જનકપુર ■ ગયાજી ■ બુધ્ધગયાજી ■ સીતામઢી

■ કોણાર્ક ■ જગન્નાથપુરી ■ સાક્ષી ગોપાલ ■ કલકતા

■ ગંગાસાગર ■ શ્રીશૈલમ ■ તિરૂપતિ ■ વેલુર ■ વિષ્ણુકાશી

■ શિવાકાશી ■ શ્રી રંગમ ■ રામેશ્વર ■ કન્યાકુમારી

■ મદુરાઈ ■ મૈસુર ■ પંપા સરોવર ■ અંજની પર્વત

■ કીષ્કિધા ■ ઓઢા નાગનાથ ■ પરલી ■ ધુષ્મેશ્વર

■ ઈલોરા ■ શનિદેવ ■ શિરડી ■ ભીમાશંકર ■ નાસીક

■ ત્રંબકેશ્વર ■ સોમનાથ ■ જુનાગઢ

● સવારે ચા-નાસ્તો, બંને ટાઈમ સારુ ભોજન ● ચાર વ્યક્તિ વચ્ચે રૂમ...

તારીખ : 16/11/2026

સમૂહખેતી”ના પ્રણેતા ભગવાનબાપાના સ્વપ્નની ભૂમિએ મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાશે “પ્રાકૃતિક ખેતી પરીસંવાદ”


“ભગવાનબાપાએ વાવેલા સમૂહખેતીના વિચારબીજને રાજ્યપાલશ્રીની ઉપસ્થિતિમાં મળશે પ્રાકૃતિક ખેતીનું નવું બળ”











“રાજ્યપાલશ્રીના બે દિવસીય પ્રવાસને લઈને સમૂહખેતી ગામમાં ઉત્સવ જેવો માહોલ; ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું થશે અનાવરણ”

“ભગવાનબાપાના વિચારો અને ગોવિંદબાપાના યોગદાનને વંદન : સમૂહખેતી ગામમાં ‘ગોવિંદ સરોવર’નું ભૂમિપૂજન

ભગવાનબાપા ના પૌત્ર અને સાવરકુંડલા ના ધારાસભ્યશ્રી મહેશ કસવાલા ના વતન ના ગામ માં ઉત્સવ જેવો માહોલ કૃષિ મંત્રી શ્રી જીતુ વાઘાણી, ઊર્જા રાજ્ય મંત્રીશ્રી કૌશિક વેકરિયા , સાંસદ શ્રી ભારત સુતરિયા , સહિત ધારાસભ્યો રહેશે ઉપસ્થિત


સમૂહખેતી ગામે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની વિશેષ ઉપસ્થિતિમાં ‘પ્રાકૃતિક ખેતી સંવાદ’નું આયોજનભગવાનબાપાના સ્વપ્નની ભૂમિ પર બે દિવસીય કાર્યક્રમ; પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ, ગોવિંદ સરોવરનું ભૂમિપૂજન અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે સંવાદઅમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનું સમૂહખેતી ગામ આગામી 17 અને 18 નવેમ્બર, 2026ના રોજ એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ પ્રસંગનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. સમૂહખેતીના વિચારબીજ વાવનાર, ખેડૂત હિતના પ્રખર હિમાયતી અને પૂર્વ ધારાસભ્ય સ્વ. ભગવાનબાપા કસવાલા દ્વારા નિર્મિત આ ગામની પવિત્ર ધરતી પર ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી બે દિવસીય પ્રવાસે પધારશે.રાજ્યપાલશ્રીની વિશેષ ઉપસ્થિતિમાં અહીં ‘પ્રાકૃતિક ખેતી સંવાદ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાકૃતિક ખેતીના પ્રચાર-પ્રસાર, ખેડૂતોના અનુભવો અને ખેતીના ભવિષ્ય અંગે વિચારવિમર્શ આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહેશે.સમૂહખેતી ગામ માટે આ પ્રવાસ માત્ર એક સરકારી કાર્યક્રમ નહીં, પરંતુ ગામના ઈતિહાસ, ગૌરવ અને કૃષિ સંસ્કૃતિ સાથે જોડાયેલો ઉત્સવ સમાન અવસર બની રહ્યો છે. રાજ્યપાલશ્રીના આગમનને લઈને સમગ્ર ગામમાં ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણસમૂહખેતીના પ્રણેતા અને પૂર્વ ધારાસભ્ય સ્વ. ભગવાનબાપા કસવાલાએ ખેડૂત સમાજના હિત, સામૂહિક વિકાસ અને ગ્રામ્ય સ્વાવલંબનના ઉમદા વિચાર સાથે સમૂહખેતી ગામનું નિર્માણ કર્યું હતું. તેમના આજીવન યોગદાન અને પ્રેરણાદાયી સ્મૃતિને કાયમી અંજલિ અર્પવાના હેતુથી રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે સમૂહખેતી પ્રાથમિક શાળા સામે સ્થાપિત ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવશે.ગોવિંદબાપાની સ્મૃતિમાં ‘ગોવિંદ સરોવર’નું ભૂમિપૂજનસમૂહખેતી ગામના નિર્માણ અને વિકાસમાં મહત્વપૂર્ણ સહયોગ આપનાર સ્વ. ગોવિંદબાપા પરસાણાના સ્મરણાર્થે ‘ગોવિંદ સરોવર’નું ભૂમિપૂજન પણ મહામહિમ રાજ્યપાલશ્રીના હસ્તે કરવામાં આવશે. આ જળસંચયનું કાર્ય ગામની સ્મૃતિ, જળસંરક્ષણ અને ભાવિ પેઢીઓના હિત સાથે જોડાયેલું એક મહત્વપૂર્ણ પગલું બની રહેશે.પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે સીધો સંવાદઆ કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતી અપનાવી રહેલા પ્રગતિશીલ ખેડૂતો પોતાના અનુભવો, સફળતાની વાતો અને પ્રાકૃતિક ખેતીથી થયેલા લાભો અંગે પ્રતિભાવ રજૂ કરશે. રાજ્યપાલશ્રી ખેડૂતો સાથે સીધો સંવાદ કરી પ્રાકૃતિક ખેતીના વ્યાપક અમલીકરણ અંગે માર્ગદર્શન અને પ્રેરણા આપશે.આ ઉપરાંત ગામમાં વૃક્ષારોપણ, ખેત તલાવડી, ગૌશાળાની મુલાકાત, ગૌપૂજન, સ્વચ્છતા અભિયાન તથા પ્રગતિશીલ ખેડૂતોના મોડેલ ફાર્મની મુલાકાત સહિતના કાર્યક્રમો પણ યોજાશે.રાજ્યના મંત્રીશ્રીઓ અને જનપ્રતિનિધિઓની વિશેષ ઉપસ્થિતિઆ બે દિવસીય કાર્યક્રમમાં રાજ્યના મંત્રીશ્રીઓ શ્રી જીતુભાઈ વાઘાણી, શ્રી કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્યશ્રીઓ શ્રી હીરાભાઈ સોલંકી, શ્રી મહેશ કસવાલા, શ્રી જે.વી. કાકડિયા, શ્રી જનકભાઈ તળાવીયા તથા જિલ્લા પંચાયતનાં અધ્યક્ષાશ્રીમતી દક્ષાબેન ચોડવડિયા સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહેશે.ઉલ્લેખનીય છે કે સ્વ. ભગવાનબાપા કસવાલાના પૌત્ર અને સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશ કસવાલાનું પણ આ સમૂહખેતી ગામ વતન છે. તેમના માટે આ પ્રસંગ દાદાશ્રીના વિચારો, સંકલ્પો અને ખેડૂત કલ્યાણના વારસાને નવી પેઢી સુધી પહોંચાડવાની ભાવનાત્મક અને ગૌરવપૂર્ણ ક્ષણ બની રહેશે.સમૂહખેતીના પાયામાં રહેલો સામૂહિક વિકાસનો વિચાર અને પ્રાકૃતિક ખેતી દ્વારા ધરતી, પર્યાવરણ તથા ખેડૂતના કલ્યાણની ભાવના એકસાથે સાકાર થાય તેવા ઉમદા હેતુ સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.ભગવાનબાપાએ વાવેલા સમૂહખેતીના વિચારબીજને પ્રાકૃતિક ખેતીના માધ્યમથી નવી પેઢી સુધી પહોંચાડવાનો આ પ્રસંગ સમૂહખેતી ગામ માટે ગૌરવ, ગૌરવશાળી વારસાનું સ્મરણ અને ઉજ્જવળ કૃષિ ભવિષ્યની નવી આશા બની રહેશે.

તારીખ : 16/11/2026









કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

મેહતાજી મેઈએ છે...

શ્રી ગોવર્ધન નાથજી

હવેલી માટે રસ ધરાવતા

વ્યકતી રૂબરૂ મળો

શ્રી ગોવર્ધન નાથજી હવેલી

હવેલી શેરી, સાવરકુંડલા

તારીખ : 16/11/2026

પીપરડી ગામે વડવૃક્ષની સફાઈ અને જાળવણી માટે ગ્રામજનોનું સેવાકાર્ય









અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના પીપરડી ગામના પાદરે વાવવામાં આવેલા વડવૃક્ષની સફાઈ અને સ્વચ્છતા જાળવવા માટે સેવાભાવી વ્યક્તિઓ દ્વારા સેવા કાર્ય કરવામાં આવ્યું હતું.આ સેવાકાર્યમાં કાનભાઈ કુંભાર, અરવિંદભાઈ જમોડ, સુના મારાજ, અશ્વિનભાઈ લુણી અને સંજયભાઈ સોલંકીએ ઉત્સાહભેર સેવા આપી હતી.વૃક્ષોનું જતન અને સ્વચ્છતા જાળવવી એ પર્યાવરણ પ્રત્યેની આપણી સામૂહિક જવાબદારી છે. આ સુંદર સેવાકાર્યમાં સહયોગ આપી સમય અને શ્રમદાન કરનાર તમામ સેવાભાવી મિત્રોનો સહ સેવાકાર નરેશ ખટાણા દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.પ્રકૃતિના જતન માટે આવા સેવાકાર્યો સમાજમાં પ્રેરણારૂપ બની રહે છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 16/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

2 પ્લોટ
વેચવાના છે.

નેસડી રોડ,
ગેટ પાસે
સાવરકુંડલા

:: સંપર્ક ::

મો. 9727538416

તારીખ : 16/11/2026

પિતૃઓના મોક્ષાર્થે, ભક્તિના અમૃતરસે તરબોળ હરિદ્વાર ધામશ્રીમદ્ ભાગવત કથા જ્ઞાન યજ્ઞનો દિવ્ય મહોત્સવ

જ્યાં ગંગા મૈયા કલકલ વહે છે, જ્યાં હર હર મહાદેવના નાદથી આકાશ ગુંજી ઉઠે છે, જ્યાં ઋષિ-મુનિઓની તપોભૂમિની પાવન રજ આજે પણ ભક્તોના મસ્તકે ચડે છે, એવા પુણ્યસલિલા, દેવભૂમિ હરિદ્વાર ધામના આંગણે એક અલૌકિક, અવિસ્મરણીય અને આત્માને સ્પર્શી જાય તેવા આધ્યાત્મિક મહોત્સવનો દિવ્ય આરંભ થયો છે.આ મહોત્સવ એટલે શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાન યજ્ઞ.આ ભવ્ય અને ભાવસભર આયોજન શ્રી ધર્મેન્દ્રભાઈ હીરાભાઈ ચૌહાણ પરિવાર દ્વારા તેમના લાડકવાયા સુપુત્ર સ્વ. દ્વીમિત્ર તથા સમસ્ત ચૌહાણ પરિવારના સર્વે પિતૃઓના પવિત્ર આત્માના મોક્ષાર્થે, સદગતિ અર્થે અને ચિર શાંતિ અર્થે અત્યંત શ્રદ્ધા, ભક્તિ અને સમર્પણ ભાવથી કરવામાં આવ્યું છે.પુત્રના સ્મરણમાં પિતાએ, પરિવારના સ્મરણમાં સમસ્ત પરિવારે, શ્રદ્ધાના દીપ પ્રગટાવીને આ કથા યજ્ઞનું આયોજન કર્યું છે. આ કથા માત્ર એક કાર્યક્રમ નથી, આ તો એક પિતાના હૃદયની પુકાર છે, એક પરિવારની ભાવાંજલિ છે, એક આત્માની પરમાત્મા સાથેના મિલનની યાત્રા છે.આ દિવ્ય કથાના વક્તા છે, સાવરકુંડલાની પાવન ધરતીના સપૂત, ભક્તિ અને જ્ઞાનના સાગર, જેમના મુખેથી ભાગવત કથા સાંભળવી એટલે સાક્ષાત અમૃતપાન કરવું, એવા પરમ પૂજ્ય શાસ્ત્રી શ્રી વિજયદાદા જાની (ગોલ્ડન દાદા), સાવરકુંડલા.દાદાના શ્રીમુખેથી જ્યારે ભાગવત કથાનો પ્રવાહ વહે છે, ત્યારે વાતાવરણમાં એક અદભૂત દિવ્યતા છવાઈ જાય છે. તેમના મધુર, સરળ, રસાળ અને હૃદયને સીધું સ્પર્શી જાય તેવા વક્તવ્યથી શ્રોતાજનો મંત્રમુગ્ધ બની જાય છે. ક્યારેક આંખમાંથી અશ્રુ વહે છે, ક્યારેક હૃદયમાંથી હરિ નામનો જયઘોષ નીકળે છે, ક્યારેક ભક્તિભાવમાં તાળીઓના તાલે સમગ્ર પંડાલ ગુંજી ઉઠે છે.ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલા, ગોપીઓનો પ્રેમ, સુદામાની ભક્તિ, ધ્રુવ-પ્રહલાદની નિષ્ઠા અને ભાગવતના દિવ્ય પ્રસંગો જ્યારે દાદાના મુખેથી રજૂ થાય છે, ત્યારે લાગે છે કે જાણે આપણે દ્વાપર યુગમાં પહોંચી ગયા છીએ. દરેક શ્રોતા કથારસમાં તરબોળ થઈને જીવનનું સાચું સત્ય અનુભવી રહ્યા છે.આ કથા યજ્ઞમાં દરરોજ સવારે ગંગા સ્નાન, પિતૃ તર્પણ, પૂજા-અર્ચના, ભજન-કીર્તન, કથા શ્રવણ, આરતી અને મહાપ્રસાદનું ભવ્ય આયોજન થઈ રહ્યું છે. હરિદ્વારના પાવન ઘાટ પર જ્યારે સાંજની ગંગા આરતી થાય છે, ત્યારે હજારો દીપોના પ્રકાશમાં સમસ્ત ચૌહાણ પરિવાર સ્વ. દ્વીમિત્ર અને પિતૃઓના મોક્ષ માટે ભાવપૂર્વક પ્રાર્થના કરી રહ્યો છે.આ આયોજન પાછળ ચૌહાણ પરિવારનો એક જ સંકલ્પ છે - “અમારા સ્વજનોના આત્માને ભગવાન શ્રીકૃષ્ણના શ્રીચરણોમાં પરમ સ્થાન મળે, તેમને મોક્ષ મળે, અને તેમના આશીર્વાદથી અમારો પરિવાર હંમેશા સંસ્કાર, સેવા અને ભક્તિના માર્ગે આગળ વધતો રહે.”સમસ્ત ચૌહાણ પરિવારના આ સેવાભાવી, શ્રદ્ધાભર્યા અને પ્રેરણાદાયી આયોજનને સૌ કોઈ હૃદયપૂર્વક બિરદાવી રહ્યા છે. આ કથા આવનારી પેઢી માટે પણ એક અમૂલ્ય સંસ્કાર વારસો બની રહેશે.સમસ્ત ચૌહાણ પરિવાર ભાવપૂર્વક પ્રાર્થના કરે છે કે, સ્વ. દ્વીમિત્ર તથા સમસ્ત પિતૃઓના પવિત્ર આત્માને ભગવાન શ્રી હરિના ધામમાં ચિર શાંતિ અને પરમ મોક્ષ પ્રાપ્ત થાય.















નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 16/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



એનિવર્સરી કેક

બેબીશાવર કેક

સગાઈ કેક

ફોન્ડન્ટ કેક

મેક અપ કીટ કેક

ફોટો કેક







અઢળક કેકની વેરાયટીઓ

New Collection

મેરેજ બોક્સ, ડ્રાયફ્રૂટ બોક્સ અને
રમકડાંની અવનવી વેરાયટી



અર્જન્ટ કેક
બનાવી આપવામાં આવશે.

બર્થ ડેકોરેશન,
બેબી શાવર ડેકોરેશન ની
તમામ આઈટમ મળશે..



તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં.

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશન સાયેનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ

નારોલા

લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

કે.કે NEWS

તારીખ : 16/11/2026

અમરેલી સુરક્ષા કવચ (ASK) એપ્લિકેશન અંગે વંડા સહિત ચાર પોલીસ મથકો દ્વારા જનજાગૃતિ અભિયાન



અમરેલી જિલ્લામાં નાગરિકોની સુરક્ષા અને સલામતીને વધુ સુદૃઢ બનાવવાના હેતુથી વંડા પોલીસ, જાફરાબાદ મરીન પોલીસ, પીપાવાવ મરીન પોલીસ તથા જાફરાબાદ ટાઉન પોલીસ દ્વારા “અમરેલી સુરક્ષા કવચ” (A S K) એપ્લિકેશન અંગે જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.આ અભિયાન અંતર્ગત પોલીસ દ્વારા વિવિધ વિસ્તારોમાં નાગરિકોને અમરેલી સુરક્ષા કવચ એપ્લિકેશનના ઉપયોગ, તેના ફાયદાઓ અને સુરક્ષાલક્ષી વિશેષતાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સાથે જ લોકોને ડિજિટલ માધ્યમથી સુરક્ષા વ્યવસ્થાનો લાભ લેવા પ્રોત્સાહિત કરી એપ્લિકેશનમાં રજીસ્ટ્રેશન પણ કરાવવામાં આવ્યું હતું.નાગરિકોમાં સુરક્ષા પ્રત્યે જાગૃતિ વધે અને પોલીસ તથા પ્રજા વચ્ચે વધુ સુદૃઢ સંકલન સ્થપાય તેવા ઉમદા હેતુ સાથે આ જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 16/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Happy Birthday



નાગરાજભાઈ ગૌતમભાઈ વાળા

K.D NEWS ના પ્લેટફોર્મ પર





જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...

અને આપે છે


વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો


















આજે જ સંપર્ક કરો

વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે

9724661561

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 16/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ગુરૂદેવ કહે છે...

“

પવનના અસ્તિત્વ માત્રથી
બફારાના ત્રાસથી મુક્ત બની
શકાતું નથી, પવનનું પ્રગટીકરણ
કરવું પડે છે. જ્ઞાનાદિ અનંતગુણોના
અસ્તિત્વ માત્રથી સંસારના
ત્રાસથી મુક્ત બની શકાતું નથી.
સાધના દ્વારા એ ગુણોનું
પ્રગટીકરણ કરવું પડે છે.

”



આચાર્ય વિજય રત્નસુંદર
સુરિશ્વરજી મહારાજ



તારીખ : 16/11/2026

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026

Gurutattva

3578
16/11/2026
Monday

❀ आत्मा ❀

बाप के मरने पर सबसे
अधीक दुःख बेटे को
ही होता है क्योकी वह
जिवनभर बाप से झगडता
ही रहा था ह"आत्मग्लानी"
होती है, यह सत्य है।

बा।बास्वामी।
16।11।2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 16/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ગલગલીયા

પપ્પા: બેટા, પરીક્ષાની તૈયારી કેવી ચાલે છે?
દીકરો: એકદમ જોરદાર!
પપ્પા: કેટલા પ્રશ્નો યાદ થઈ ગયા?
દીકરો: એક પણ નહીં!
પપ્પા: તો તૈયારી કેવી જોરદાર?
દીકરો: પપ્પા, પ્રશ્નપત્ર જોઈને ગભરાઈ ન જાઉં એ માટે રોજ અરીસા સામે પ્રેક્ટિસ કરું છું!

મમ્મી: આખો દિવસ મોબાઈલમાં જ શું જોયા કરે છે?
દીકરો: જ્ઞાન મેળવું છું મમ્મી!
મમ્મી: તો પછી કંઈક શીખ્યો કે નહીં?
દીકરો: હા, મોબાઈલની બેટરી કેટલી ઝડપથી ઉતરે છે એ શીખ્યો!

ડૉક્ટર: તમારે રોજ સવારે ચાલવા જવું જોઈએ.
દર્દી: સાહેબ, હું તો રોજ ચાલું જ છું!
ડૉક્ટર: ક્યાં?
દર્દી: સવારે ઊંઘમાંથી ઊઠીને ચા પીવા રસોડા સુધી!

તારીખ : 16/11/2026

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

16 નવેમ્બર
મહત્વની ઘટનાઓ

૧૯૪૫ –
યુનેસ્કોની સ્થાપના કરવામાં આવી.
૧૯૮૮ –
એક દાયકાથી વધુ સમય બાદ યોજાયેલી પ્રથમ જાહેર ચૂંટણીમાં પાકિસ્તાનમાં મતદારોએ લોકપ્રિય ઉમેદવાર બેનઝીર ભુટ્ટોને પાકિસ્તાનના વડા પ્રધાન તરીકે ચૂંટ્યા.
૧૯૯૭ -
લગભગ ૧૮ વર્ષની કેદ પછી, પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાએ તબીબી કારણોસર લોકશાહી તરફી, અસંતુષ્ટ વેઇ જિંગશેંગને જેલમાંથી મુક્ત કર્યા.

જન્મ

૧૮૯૦ –
હરિદાસ દત્ત, બંગાળી ક્રાંતિકારી (અ. ૧૯૭૬)
૧૮૯૭ –
ચૌધરી રહેમત અલી, ભારતીય-પાકિસ્તાની શિક્ષણવિદ્ (અ. ૧૯૫૧)
૧૯૧૬ –
શિવકુમાર જોશી, ગુજરાતી સાહિત્યકાર તેમજ નાટ્યકાર.
૧૯૫૫ –
ગિલ્લેર્મો લાસો, ઈક્વેડોરના ઉદ્યોગપતિ અને રાષ્ટ્રપ્રમુખ.

અવસાન

૧૮૮૫ –
કરમચંદ ઉત્તમચંદ ગાંધી, મહાત્મા ગાંધીના પિતા. (જ. ૧૮૨૨)

તહેવારો અને ઉજવણીઓ

સહિષ્ણુતા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ

તારીખ : 16/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યાપારી માટે



હોલસેલ ભાવે

નાની-મોટી


ચીઠ્ઠી બુક

વિદ્યાર્થીઓ માટે

૨૬ ચોપડા

તેમજ

લખવા માટેની કોરી પસ્તી



SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 16/11/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



ફ્રેશ પસ્તી



સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 16/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

સાળંગપુરના આજના દર્શન



કે.ડી

NEWS

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

કે.ડી ન્યૂઝ સાથે...



93K

60K

44K

100K

સંપર્ક : મો. 94997 97973